

# જામનગરની રિલાયન્સની રિફાઈનરી વિશ્વમાં કેમ અગત્યની છે?

**પગરવ**
★ પ્રશસ્ત પંડ્યા

ઓક્ટોબરના રોજ જામનગરની ઓઈલ રિફાઈનરીની જ્યારથી અમેરિકાના સેક્રેટરી માર્કો રુબિયોએ મુલાકાત લીધી છે, ત્યારથી જામનગર રિફાઈનરીને લઈને ખૂબ ન્યૂઝ આવી રહ્યા છે. આવું પહેલી વાર બન્યું હશે કે અમેરિકાના કોઈ રાજકીય હસ્તીએ ઓફિશિયલી જામનગરની મુલાકાત લીધી હોય. આ મુલાકાત થઈ તે અંગે થોડી ઘણી માહિતી મીડિયામાં આવી પણ ખરી; પરંતુ સામાન્ય રીતે દિલ્હી, મુંબઈ કે ગુજરાતમાં અમદાવાદ-ગાંધીનગર સિવાય દૂરસુદૂર ન જનારા વિદેશના રાજકીય આગેવાન છેક જામનગર સુધી કેમ લંબાયા? તેના જવાબ અનેક છે અને તેમાંનું પ્રથમ કારણ તો હાલમાં વિશ્વભરમાં ચાલી રહેલા ઓઈલ સંકટ સમયે જામનગરમાં તે સંકટનું સમાધાન શોધવાનું છે. જામનગરની આ રિફાઈનરી રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝની માલિકીની છે, મતલબ કે તેના સર્વેસર્વા મુકેશ અંબાણી છે. હવે તેનું મહત્ત્વ કેમ છે તેની સાવ પાયાની વિગત જોઈએ તો હાલમાં તે રિફાઈનરીની રોજેરોજ ઓઈલને રિફાઈન કરવાની ક્ષમતા 14 લાખ બેરલની છે. અને તેથી દુનિયાની સૌથી મોટી રિફાઈનરીનું સ્ટેટસ તેને પ્રાપ્ત થયું છે. બીજા ક્રમે જે રિફાઈનરી આવે છે તેની રોજની ઓઈલ રિફાઈન કરવાની ક્ષમતા જામનગરની રિફાઈનરી કરતાં ચાળીસ ટકા જેટલી ઓછી છે. બીજા ક્રમે વેનેઝુએલાની પેરેગુઆના રિફાઈનરી કોમ્પ્લેક્સ આવે છે. તેની ક્ષમતા અંદાજે સાડા નવ લાખ બેરલ જેટલી છે. તે પછી ઓઈલ રિફાઈનરીના બિઝનેસમાં દક્ષિણ કોરિયા ખાસ્સો અગ્રતાક્રમ ધરાવે છે.

જોકે આ તો એક જગ્યાએ રિફાઈનરી કેટલી મોટી છે તેનો આંકડો છે. પરંતુ જો વિશ્વમાં જે ક્રૂડ ઓઈલ રિફાઈન થાય છે તેમાં ટકાવારીની રીતે કોણ અવ્વલ છે તે જોઈએ તો તેમાં ચીનનો ક્રમ પ્રથમ આવે છે. દુનિયામાં જે ક્રૂડ ઓઈલ રિફાઈન થાય છે તેમાંથી 18 ટકા ચીન પોતાને ત્યાં જ રિફાઈન કરી શકે તેવી ક્ષમતા ધરાવે છે. એ પછી અમેરિકાનો ક્રમ આવે છે અને તે પણ ચીન જેટલું જ ઓઈલ રિફાઈન કરે છે. ત્રીજા ક્રમે રશિયા આવે છે. રશિયા વિશ્વના સાડા છ ટકા ક્રૂડ ઓઈલ રિફાઈન કરે છે. ભારતનો ક્રમ તે પછી આવે છે અને તેમાં વિશ્વના સાડા પાંચ ટકા ક્રૂડ ઓઈલ રિફાઈન કરવાનો દર આવે છે. ભારતમાં મહદંશે આ ક્રૂડ ઓઈલ જામનગર ખાતે રિફાઈન થાય છે. 'ધ હિંદુ' અખબારમાં આવેલા ન્યૂઝ પ્રમાણે 1998માં જામનગરમાં રિફાઈનરીના પાયા નંખાયા અને તેની ક્ષમતા તે વખતે રોજ સાડા છ લાખ બેરલ ક્રૂડ ઓઈલ રિફાઈન કરવાની હતી. તે પછી 2008માં આ રિફાઈનરીનો વ્યાપ વધારવામાં આવ્યો અને તે રીતે તે વિશ્વની સૌથી મોટી રિફાઈનરી બની. બીજો જે રિફાઈનરી પ્લાન્ટ બન્યો તેની મહદંશે પ્રોડક્ટ વિદેશમાં નિકાસ થાય છે.

અમેરિકાના સેક્રેટરી માર્કો રુબિયો જામનગર આવ્યા તેનું બીજું કારણ વેનેઝુએલાનું ક્રૂડ ઓઈલ રિફાઈન કરવાનું છે. ગલ્ફ દેશોમાંથી આવતું ક્રૂડ પ્રમાણમાં વધુ સારી ગુણવત્તા ધરાવે છે, તેથી તે ઝડપથી અને થોડી સરળતાથી રિફાઈન થાય છે, પરંતુ વેનેઝુએલાના ક્રૂડ ઓઈલની ગુણવત્તા એટલી સારી નથી. અમેરિકાએ જે રીતે ઈરાન સાથેનું યુદ્ધ લંબાવ્યું છે તેથી સ્વાભાવિક છે કે અમેરિકામાં કોઈ ઓઈલ સંકટ ઊભું ન થાય તે માટે વેનેઝુએલા પર નજર કરવી પડે. હવે જ્યારે વેનેઝુએલાનું ઓઈલ રિફાઈન કરવાનું આવે તો દુનિયામાં એવા જૂજ રિફાઈનરી પ્લાન્ટ છે, જ્યાં તે ઓઈલ રિફાઈન થઈ શકે છે. જામનગરની રિલાયન્સ રિફાઈનરી તેમાંની એક છે.

આ અંગે માર્કો રુબિયોનું એવું નિવેદન પણ આવી ચૂક્યું છે કે, 'ભારે ક્રૂડ ઓઈલને રિફાઈન કરવાની ક્ષમતા જામનગરની રિફાઈનરીમાં છે. તેમણે ભૂતકાળમાં આવું કામ કર્યું છે અને વેનેઝુએલાનું ઓઈલ જે પ્રમાણે આવતું જશે તો તેમાં જામનગર ઘણી મોટી ભૂમિકા ભજવી શકે છે.' આ ઉપરાંતનું એક ત્રીજું કારણ માર્કોનું જામનગર આવવાનું એ હતું કે અમેરિકાના ટેક્સાસમાં રિફાઈનરી પ્રોજેક્ટ નિર્માણ પામી રહ્યો છે. અને તે પ્રોજેક્ટમાં રોકાણ અને નિર્માણ માટે રિલાયન્સે મોટી મૂડી લગાવી છે. મતલબ કે અમેરિકાના બિઝનેસમાં રિલાયન્સનો હિસ્સો વધશે, જેથી માર્કોએ એક શુભેચ્છા મુલાકાત જામનગરમાં લીધી હોય. હવે ક્રૂડમાં મહદંશે આપણે પેટ્રોલનો ઉલ્લેખ કરીએ છીએ, પરંતુ તેની સાથે રિલાયન્સની રિફાઈનરી આપણા દેશમાંથી વિદેશમાં સૌથી વધુ ડીઝલ પણ નિકાસ કરે છે. એ સિવાય વિમાન માટેના ઈંધણ માટે અનેક વિમાની કંપનીઓ જામનગર તરફ નજર દોડાવે છે.

**ગલ્ફ દેશોમાંથી આવતું ક્રૂડ પ્રમાણમાં વધુ સારી ગુણવત્તા ધરાવે છે, તેથી તે ઝડપથી અને થોડી સરળતાથી રિફાઈન થાય છે, પરંતુ વેનેઝુએલાના ક્રૂડ ઓઈલની ગુણવત્તા એટલી સારી નથી**



થોડા જ સમય પહેલાં અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ વારેતહેવારે ભારત પર વધુ ને વધુ ટેરિફ નાખવાની ધમકી આપતા હતા, પરંતુ હવે તે જ ડોનાલ્ડ ટ્રમ્પની સરકારના સેક્રેટરી ભારતમાં આવીને એક ભારતીય કંપની સાથે વાટાઘાટો કરે છે અને ભવિષ્યની યોજના બનાવી રહ્યા છે. ડોનાલ્ડ ટ્રમ્પ એકાએક પોતાનું વલણ સુધારવા લાગ્યા તેનું એક કારણ રાજકીય નિષ્ણાતો અમેરિકામાં આવી રહેલી મિડ-ટર્મની ચૂંટણીને ગણાવી રહ્યા છે.

ક્રૂડ ઓઈલના પુરવઠાની વાત આવે ત્યારે અચ્છા અચ્છા દેશો ઘૂંટણિયે પડી જાય છે. ડોનાલ્ડ ટ્રમ્પના ગાંડપણને કારણે અમેરિકા જ્યારથી ઈરાન સાથેના યુદ્ધમાં ઉતર્યું છે ત્યારથી ડોનાલ્ડ ટ્રમ્પે અનેક વાર ઈરાન સામે સમાધાનની ફોર્મ્યુલા મૂકી છે. પરંતુ ત્યાં વાત ન બની. હવે બીજી તરફ ભારત પર પણ ડોનાલ્ડ ટ્રમ્પે ખૂબ ટેરિફ લગાવ્યો હતો. ટ્રમ્પ પ્રશાસને તેનું કારણ એવું આપ્યું હતું કે ભારતે રશિયા પાસેથી ક્રૂડ ઓઈલ વધુ ખરીદવાનું શરૂ કર્યું છે. ટ્રમ્પના આ દાવાને આંકડામાં જોઈએ તો ખ્યાલ આવે કે ભારત રશિયા પાસેથી 2022 પહેલાં માત્ર ત્રણ ટકા ક્રૂડ ઓઈલ ખરીદતું હતું, પરંતુ 2025 આવતાં આવતાં તે ટકાવારી 50 ટકા સુધી પહોંચી ગઈ હતી. ટ્રમ્પના ટેરિફને કારણે તેનું નુકસાન રિલાયન્સ રિફાઈનરીને પણ થયું, કારણ કે રશિયાથી આવતું ઓઈલ રિલાયન્સમાં પ્રોસેસ થતું હતું. ટ્રમ્પે આ રીતે રિલાયન્સને મુશ્કેલીમાં મૂકી દીધી હતી, પરંતુ તે પછી જે રીતે રિલાયન્સનું અમેરિકામાં રોકાણ થયું અને ટ્રમ્પને રિલાયન્સ રિફાઈનરીની જરૂરિયાત ઊભી થઈ એટલે આખરે ટ્રમ્પે ફેરવી તોળ્યું. હવે ટ્રમ્પ પ્રશાસન રિલાયન્સ અને આપણા દેશ તરફ દોસ્તીનો હાથ આગળ વધારી રહ્યું છે.

અમેરિકા તરફથી જામનગર રિફાઈનરી અંગે કેટલુંક ખુલ્લેઆમ કહેવામાં આવ્યું અને ઘણું એવું છે, જેના અંગે કોઈ વાત મીડિયામાં આવશે નહીં. આજના યુગમાં કોર્પોરેટ જગત અને રાજકીય નેતાઓ કેવી રીતે સાંઠગાંઠ કરી લે છે તેનો ખ્યાલ કોઈનેય આવતો નથી. ઘણી વાર જે-તે શાસકના રાજકીય પક્ષના લોકોને પણ આવતો નથી. તેનું એક ઉદાહરણ વિડિયોમાં કેદ થયું છે અને તે છે ડોનાલ્ડ ટ્રમ્પ જ્યારે કતારના દોહા શહેરના પ્રવાસે હતા, ત્યારે તેમને મળવા માટે મુકેશ અંબાણી વિશેષ વિમાન દ્વારા દોહા પહોંચ્યા હતા. અહીંયા કતારના રાજાએ રાખેલા સમૂહ ભોજનમાં મુકેશ અંબાણી સામેલ થયા હતા અને તેમણે ડોનાલ્ડ ટ્રમ્પ સાથે મળીને ગુફ્તગૂ કરી હતી. સેકન્ડો માટે થયેલી આ મુલાકાતનો વિડિયો યુટ્યુબ પર છે.

'ધ હિંદુ'ના એક ન્યૂઝ પ્રમાણે અંબાણી પરિવાર ટ્રમ્પ પરિવારથી ખાસ્સો નજીક કહેવાય છે. ડોનાલ્ડ ટ્રમ્પની દીકરી ઈવાન્કા ટ્રમ્પ અને તેના જીવનસાથી જેર્ડ કુશનર મુકેશ અંબાણીના દીકરા અનંત અંબાણીના લગ્ન પૂર્વેના ત્રણ દિવસના સમારોહમાં જામનગરમાં ઉપસ્થિત રહ્યા હતા. જામનગરની આ રિફાઈનરી અંદાજે 7,500 એકરમાં પ્રસરેલી છે અને અહીંયા રિલાયન્સના અઢી હજાર કર્મચારીઓનો પરિવાર વસવાટ કરી શકે તેટલી મોટી ટાઉનશિપ બનાવવામાં આવી છે. એક લાખથી વધુ આંબાના વૃક્ષોનો બગીચો અહીંયા બનાવવામાં આવ્યો છે. એશિયાનો આ સૌથી મોટો આંબાનો બગીચો ગણાય છે. આંબાની જાતભાતની જાતો અહીં ઉગાડવામાં આવી છે. એવું કહેવાય છે કે જામનગરના આ બગીચાના જ પ્રતાપે ભારત આંબાની નિકાસમાં પ્રથમ ક્રમાંકે પહોંચ્યું છે. જામનગર એ રીતે હવે દેશના કેન્દ્રસ્થાને આવી ચૂક્યું છે. અંબાણી પરિવાર અનેક કાર્યક્રમો અહીંયા કરે છે. ઉપરાંત સમયાંતરે અહીંયા સમય વિતાવવા પણ આવે છે. સૌથી અગત્યનું તો વિશ્વકક્ષાએ ક્યાંય ન જોવા મળે તેવો વનતારા પ્રોજેક્ટ પણ અહીંયા જ નિર્માણ પામ્યો છે. રિલાયન્સ રિફાઈનરીની ઘણી વાતો લખી શકાય. કેટલાંક વિવાદો પણ અહીંના છે. પણ ઘણું તો રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝમાં દબાયેલું છે, જે તેના ફેન્સિંગમાંથી ક્યારેય બહાર નહીં આવી શકે.